R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિયો એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-22 • ISSUE: 43 DATE: 26-10-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-



આંધ્ર અને ઓરીસ્સામાં આવેલ વિનાશક વાવાઝોડામાં લોકોની મદદ માટે જઈ રહેલ હેલીકોપ્ટર સેવાઓ

## સેઇડનાયા,ઐતિહાસિક ક્રિશ્ચિયન સીરીયન સીટી તાજેતરમાં ઇસ્લામિક મીલીટંટોની ધમકીનો ભોગ બન્યું છે

ફીડેસના જણાવ્યા પ્રમાણે,ઈસ્લામીક મીલીટંટ જેઓ યેબરોન્ડ અને લેબોનીસ માઈન્ટેન બાજુના છે તેઓએ આ ગામને તેમના નિશાના પર લીધું છે.એક વખત તાજેતરમાં કરવામાં આવેલ હુમલામાં એક કેથોલિક ખ્રિસ્તીની હત્યા થઈ હતી.

સેઈડનાયા દમાસ્કસની પુર્વમાં આવેલ પર્વતીયમાળાની વચ્ચે આવેલ ગામ છે. અને ત્યાં વધુ પ્રમાણમાં ખ્રિસ્તીઓની વસાહત છે.આ ખ્રિસ્તી વસાહતમાં વસતા લોકો અરામીક ભાષા બોલે છે.એમ માનવામાં આવે છે કે ઈસુ ખ્રિસ્ત પર અરામિક ભાષા બોલતા હતા.ઘણા બધા ઐતિહાસિક ઈમારતો અને ચર્ચો બાયઝેનટાઈન રાજાના વખતના અસ્તિત્વમાં છે.તેમજ ખ્રિસ્તીઓની પવિત્ર યાત્રા માટે પણ આ સ્થળ ખુબજ જાણીતું છે.

મોટા પ્રમાણમાં ખ્રિસ્તી વસ્તી ધરાવતો વિસ્તાર છે પરંતુ સીવીલ વોર ચાલુ થવાને કારણે આ વિસ્તાર પણ મોલોલાની માફક અશાંત વિસ્તાર બની ગયો છે.મૌલોલા પણ એક ઐતિહાસિક મહત્વ ધરાવતુ એક ગામ છે. જે હાલમાં અલ કાયદાની લીંકને કારણે ત્યાં આતંકવાદીઓના અડ્ડા ભરપુર પ્રમાણમાં ચાલુ થયા છે. તેના પરિણામે આ વિસ્તારના લગભગ ૨૦૦૦ જેટલા ખ્રિસ્તીઓ અહીયાથી નાસી છુટ્યા છે.નીચે બતાવેલ ચર્ચ પણ આતંકવાદીઓના ટાર્ગેટમાં આવી ગયું છે.





## લીસ્ટરશાયર ચર્ચને ઇગ્લીસ હેરીટેજ એવોર્ડ પ્રાપ્ત થયો

લીસ્ટરશાયરના ચર્ચ ઓફ સેંટ જેમ્સ ધ ગ્રેટર ને ઈગ્લીંસ હેરીટેજ એવોર્ડ પ્રાપ્ત થયો હતો.આ ચર્ચ કાયમી રીતે બંધ કરી દેવાયું હતું. પરંતુ આ વર્ષનો એન્જલ એવોર્ડ ફોર બેસ્ટ રીપેર ઓફ એ પ્લેસ ઓફ વર્શીપ તરીકે આ ચર્ચને મળ્યો છે.ધ ઈગ્લીસ હેરીટેજ એન્જલ એવોર્ડના જન્મદાતા એન્ડ્રુ લોઈડ વેબર હતા.સ્થાનિક લોકો જેઓ જુના ચર્ચની જાળવણી અને મરામત કરતા અને રસ ધરાવતા તેમના માનમાં આ એવોર્ડ આપવામાં આવતો હતો.



## ચીનમાં આવેલ ધરતીકંપમાં વર્લ્ડ વિઝન દ્વારા સહાય પહોચાડાઇ

ચાઈનામાં આવેલ બે મોટા ધરતીકંપને કારણે નોર્થ વેસ્ટ ગન્સુ પ્રોવીન્સમાં ભારે નુકશાન થયું હતું.પ્રથમ ધરતીકંપ ૫.૯૮ મેગનીટ્યુડ સ્કેલનો હતો. જે ડીન્ગક્ષી પાસે આવ્યો હતો. અને એક કલાક બાદ ફરીથી ૫.૬ના સ્કેલનો ધરતીકંપ આવ્યો હતો.આ ધરતીકંપને કારણે ૭૫ લોકોના મોત થયા હતા. અને ૪૦૦ માણસો ધાયલ થયા હતા.બીબીસીના સમાચારો પ્રમાણે૩૮૦ જેટલા ધરો પડી ગયા હતા. જે ઝેન્ગક્ષીયન પ્રોવીન્સમાં આવેલ હતા. સમગ્ર દેશમાં ૫૬૦૦ જેટલા ધરો ગંભીર રીતે ડેમેજ થયા હતા.વાઈ કીમ લી,વર્લ્ડ વિઝન વશન ઓફીસ જે ગન્સુ પ્રાંતમાં આવેલ છે તે સંભાળે છે તેમણે જણાવ્યું હતું કે સહુ પ્રથમ સીડીઓ હાલતી થઈ તેવું સવારમાં બન્યું,લોકો ગભરાઈને રસ્તાઓ પર દોડી ગયા કે શું બની રહ્યું છે.તેમણે તાત્કાલિક હોગકોંગ વર્લ્ડ વિઝન પાસેથી સહાય માટે સંપર્ક કર્યો.ધરતીકંપના પીડીત લોકોને ટારપોર્લીનના ૪૦૦ રોલ વહેચવામાં આવ્યા.જેઓ ધર વિનાના છે તેમને.૨૦૦૦ હાઈજીન કીટ,જેમાં ટોવલ્સ,શોપ,ટુથબ્રશ,અને ટુથપેસ્ટ સામેલ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

ગુજરાતની હાઇકોર્ટ દ્વારા કેન્દ્ર સરકારને હુકમ કરવામાં આવ્યો છે કે દિલ્હી અને મુંબઇની જેમ એપીએમ ગેસ પુરો પાડવા માટે નવી નિતી નક્કી કરવી.કોર્ટના હુકમ અનુસાર કેન્દ્ર સરકારે આ હુકમનું પાલન કરવા માટે ૧૮ નવેમ્બર સુધી મુદત આપવામાં આવી છે.ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસ ભાસ્કર ભટાચાર્ય અને જસ્ટીસ જે.બી. પારડીવાલાનું બેંચે કેન્દ્ર સરકારની આકરી ટીકા કરતાં આ આદેશ આપ્યો હતો. આ પ્રમાણે કેન્દ્ર સરકાર કરશે તો ગુજરાતના વાહન ચાલકોને સસ્તો ગેસ ઉપલબ્ધ બનશે.હાલમાં ૬૮ રુપીયાના ભાવનો ગેસ મળે છે. જો કોર્ટના હુકમનું પાલન કરી ગેસ અપાય તો ૪૮ રુપીયાના ભાવે તે મળી શકશે.કેન્દ્ર સરકારે દેશના તમામ રાજ્યોમાં એક સરખી નીતિ અપનાવીને ફાળવણી કરવી જોઇએ.એમાં કોઇપણ પક્ષનું શાસન હોય પરંતુ દેશનની પ્રજાને લાભથી વંચિત રાખીને કોઇપણ કાર્ય કરી શકાય નહી,તેટલી સારી રાજનીતિ તો દરેક પક્ષની હોવી જરુરી છે.

રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકાર લોકોને લાભ થાય તેવી નીતિઓનો વહીવટ વ્યવસ્થિત કરે તો દેશના નાગરિકોને જરુરથી લાભ મળી શકે છે.પરંતુ તેમ નહી કરતાં આજે પરિસ્થિતિ વિકટ છે.તેનો દોષ તેમનો છે.

૪થા પાનાનું ચાલુ

લેખકો,જેને ૨૨ એક્સપર્ટ તથા એડવાઇઝરનો સપોર્ટ આપવામા આવ્યો હતો.કારણકે આ રીપોર્ટ આ પ્રકારનો પ્રથમ રીપોર્ટ હતો.

આ માટેનું કારણ એ હતું કે શા માટે ૩૦ મીલીયન લોકો ૨૦૧૩ની સાલમાં પણ ગુલામી અવસ્થામાં જીવે છે.જેમાં અનેક દેશોને આવરી લેવાયા હતા.પરંતુ એક છુપો પ્રશ્ન પણ હતો.કે આમ શા માટે.જીના દફાલીયાએ સીએનએન ને જણાવ્યું હતું.

પર્થ બેઝ ફાઉન્ડેશન ગત મેમાં ફીલાનથ્રોપીસ્ટ એન્ડુ ફોરેસ્ટ દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું હતું.ફોરબસની યાદી પ્રમાણે તેઓ ઓસ્ટ્રેલીયાના પાંચમાં ધનવાન વ્યક્તિ છે.નવા ઇન્ડેક્ષને આવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું પીઠબળ છે.જેમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ,હિલેરી ક્લીટન,ભુતપુર્વ બ્રિટિશ પ્રાઇમ મીનીસ્ટર ટોની બ્લેર,ફીલાનથ્રોપીસ્ટ બીલ ગેટ્સ અને રીચાર્ડ બ્રાન્સન સામેલ છે.




ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯


**અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન,
**જીવન સાહિત્ય ભંડાર,**
શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮
**ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**
શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨
શ્રી હેલ્ફર્સ એલેન્દી,
વિરચંદદીપચંદની ચાલી,વૈશ્યસભા રાયખડ,અમદાવાદ.૧

**નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે.**

શ્રી ભાઇલાલભાઇ ટેલર,
પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨
શ્રી વિલિયમભાઇ ટી.પરમાર,
નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨
શ્રી.એસ.કે અમીન,
આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨
શ્રી પાઉલભાઇ એ. પરમાર,
૧૦૭,દિવ્યજ્યોત સોસા. પવનચક્કી રોડ,નડીયાદ.૨



## સમાચારો સંક્ષિપ્તમાં

હવામાન ખાતાની આગાહી મુજબ ઇંગ્લેન્ડમાં ૧૦૦ માઇલથી વધુ ઝડપે વાવાઝોડું ત્રાટકવાની વકી છે.તેમજ ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવેલ છે. તેથી ઝાડો પડી જવા, ઇલેકટ્રીક સપ્લાય કપાય જવાનો અને પુરનો સામનો કરવાની આવી શકે છે. તેથી લોકોને સાવધ રહેવા માટે સરકારી તંત્રએ જાગૃત રહેવા અપીલ કરી છે.

વિશ્વભરમાં જુદા જુદા સ્થળોએ કુદરતી આફતો એક પછી એક આવી રહી છે. ધરતીકંપ, પુર,વાવાઝોડા વિગેરે નાશ કારક બાબતો આવી રહી છે.આપણે ગ્લોબલ વોર્નિંગનો અનુભવ કરી રહ્યા છે.હજુ પણ જાગવાની જરુર છે.

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઇટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭
**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઇશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩
**શ્રી પિયુષભાઇ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

# આંધ્ર-ઓરિસ્સા રાજ્યોમાં આવેલ વાવાઝોડા"ફૈલિને" ભારે તારાજી સર્જી





વાવાઝોડાની કેટલીક તસવીરો

**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

# બજરંગ દળ દ્વારા ગામડાના ખ્રિસ્તીઓને ધર્મપરિવર્તન કરવા દબાણ

છેલ્લા એક વર્ષથી મધ્ય ભારતના કેટલાંક વિસ્તારોમાં બજરંગ દળ દ્વારા ખ્રિસ્તીઓને ધર્મપરિવર્તન કરી ફરી હિંદુ ધર્મ અપનાવવા માટે દબાણ કરવામાં આવી રહયું છે.તાજેતરમાં તરંગગાંવનો બનાવ બહાર આવ્યો છે.

એપ્રીલ માસમાં બજરંગ દળના કેટલાક લોકોએ તરંગગાંવમાં આવેલ એક ખ્રિસ્તી ચર્ચને તોડી પાડ્યું હતું.આ એક નાનકડું ગામ છે જે છત્તીસગઢમાં આવેલું છે.જેમાં મોટા ભાગના લોકો ખેતી તેમજ જંગલની ચીજવસ્તુઓ પર પોતાનું જીવન ગુજારે છે.

બજરંગ દળ એ મીલીટંટ યુથ વિંગ છે જે હિંદુવાદના નામે કાર્ય કરતી વિશ્વ હિંદુ પરિષદની શાખા છે.બજરંગ દળનું કાર્ય એ છે કે તેઓએ જબરજસ્તીથી થતું ધર્મ પરિવર્તન રોકવું. હિંદુમાંથી અન્ય ધર્મમાં ચાલ્યા જનારાઓને રોકવા. આ તેમનો હેતું છે. પરંતુ એ હેતુથી વિરુધ્ધ તેઓ અન્ય ધર્મીઓને હિંદુ ધર્મ અપનાવવા માટે દબાણ,ધાક ધમકીનો ઉપયોગ કરી રહ્યા છે.

તરંગગાંવમાં બજરંગ દળે ચર્ચ તોડી નાંખ્યા બાદ ખ્રિસ્તીઓ અન્ય સ્થળે એકઠાં મળીને પોતાની આસ્થા પ્રમાણે પ્રાર્થના અર્ચના કરતા હતા ત્યારે ત્યાં જઈને ૬૦ વર્ષના મિટકો કશ્યપને માર માર્યો હતો.તેણીએ પોતાનો ધર્મ છોડી દેવાનો ઈન્કાર કર્યો હતો.તેથી તેને માથામાં માર મારીને ગંભીર ઈજાઓ પહોચાડાઈ હતી જેથી તેણી હોસ્પીટલમાં દાખલ કરવી પડી હતી.

ઓપન ડોર ઈન્ટરનેશનલ,એક મિનિસ્ટ્રી છે જે ખ્રીસ્તીઓની સતાવણીમાં તેમની મદદ કરે છે.પોલીસે આ બાબતે કેસ રજીસ્ટર કરવાની ના પાડી હતી.અને કૌટુંબિક ઝગડો હોવાનું રટણ જારી રાખ્યું હતુ.પરંતુ હોસ્પીટલ સત્તાવાળાઓ પોલીસને તાકીદ કરી હતી તેથી તેમણે કેસ રજીસ્ટર કર્યો હતો પરંતુ કોઈની ધરપકડ કરી નહોતી.

આ મહિના પહેલાથી બજરંગ દળના સભ્યો હિંદુ દેવ દેવતાઓની મુર્તિઓ લઈને ખ્રિસ્તીઓના ઘરોની આજુબાજુ પરેડ કરી રહ્યા છે.લાઉડ સ્પીકરથી તેઓ ખ્રિસ્તીઓને હુકમ આપી રહ્યા છે કે તેઓ તેમના ઘરની બહાર આવીને હિંદુ દેવ દેવીઓની પુજા કરે.ઓપન ડોરે આ માહીતી આપી હતી.તેઓ તરફથી ધમકી પણ આપવામાં આવી રહી છે કે તેઓ દરેક ખ્રિસ્તીના ઘરમાં ઘુસી જઈ તેમને આસ્થા બદલવાની ફરજ પાડશે.પોલીસ અમારી મદદ કરી રહી નથી.હવે અમને કોણ મદદ કરશે તે અમારી વિટંબણા છે.

---

ડચ કવિ જીન ડી સાનિયલે ઝાડના થડમાં કવિતા કોતરીને લખી હતી.
ઈટાલીમાં ૧૦ લાખ પાઉન્ડ ઝવેરાત જડેલી જમણા પગની એક મોજડી હાથ લાગી હતી.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭
E.mail : Shalemmburo@gmail.com




# ઓરિસ્સાના કંધમાલમા હિંદુ નેતા સ્વામી લક્ષ્મણાનંદ સરસ્વતીની હત્યામાં સંડોવાયેલાને આજીવન કારાવાસ

ઓરિસ્સામાં ૨૦૦૮માં કટ્ટરવાદી હિંદુ નેતા સ્વામી લક્ષ્મણાનંદ સરસ્વતીની હત્યા બાદ ખ્રિસ્તીઓ વિરુધ્ધ ફાટી નિકળેલ હિંસામાં અનેક ખ્રિસ્તીઓના મોત નિપજ્યા હતા.હજારો બેઘર બન્યા હતા.આ કોમી રમખાણોમાં સાત ખ્રિસ્તીઓ વિરુધ્ધ કેસો કરવામાં આવેલા તેમને હિંદુ નેતાની હત્યા બદલ આજીવન કારાવાસની સજા કરવામાં આવી છે.કંધમાલ જીલ્લાની કોર્ટે આજીવન કારાવાસની સાથે રૂા. દસ હજાર દંડની પણ સજા ફરમાવી છે.ખ્રિસ્તીઓને થયેલ સજા બાબતે જણાવતા ખ્રિસ્તી નેતાએ જણાવ્યું હતું કે ન્યાયની કરુણતા છે.જેમને અન્યાય થયો છે તેમને જ ગુનેગાર ઠેરવીને સજા કરવામાં આવી છે.

લક્ષ્મણાનંદ સરસ્વતી અને તેમની સાથેના તેમના બીજા ચાર સહાયકોને જલેશપાતા આશ્રમ ખાતે એક ટોળાએ ગોળીઓ મારી હત્યા કરી હતી.આ માટે માઓઈસ્ટ ગ્રુપે આ હત્યા બાદ તુરતજ જવાબદારી સ્વીકારી હતી.પરંતુ કટ્ટરવાદી હિંદુઓએ આ માટે ખ્રિસ્તીઓને જવાબદાર ઠેરવ્યા હતા.અને ખ્રિસ્તીઓ સામે હુલ્લડ મચાવી દીધું હતું.આ હુમલાઓમાં ૯૦ થી વધારે ખ્રિસ્તીઓને મારી નાંખવામાં આવ્યા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા.૫૬ હજારથી વધુ લોકો ઘરબાર વિનાના થઈ ગયા હતા.ખ્રિસ્તીઓની માલ મિલ્કતો લુંટી લેવાઈ હતી અને નાશ પણ કરવામાં આવ્યો હતો.૩૦૦ ચર્ચો અને ખ્રિસ્તી સંસ્થાનોની મિલ્કતો સળગાવી દેવાઈ હતી.તેમજ ખ્રિસ્તીઓને સંદેશો આપવામાં આવ્યો હતો કે ફરી પાછા હિંદુ બની જાવ તો જ અહીંયા પાછા ફરજો. અથવા તેમ ના કરો તો નહી.અનેક ફરિયાદો પોલીસે નકારી કાઢી હતી અને હિંદુ ગુનેગારોને છોડી મુકયા હતા.૨૦૦૯ની જાન્યુઆરી માસમાં એટલે કે હુલ્લડોના એક માસ બાદ પોલીસે સાત ખ્રિસ્તીઓને સ્વામી સરસ્વતીની હત્યાના આરોપમાં પકડ્યા હતા.તેમની વિરુધ્ધ કોઈ પુરાવા હતા નહી.ત્યારબાદ તેમને પાંચ વર્ષ સુધી જેલમાં રાખ્યા હતા.ખાસ કોર્ટોની નિમણુંક બાદ કરવામાં આવી હતી. પરંતુ કાયદાકીય અનેક પોલ પટ્ટી તેમાં ચલાવાઈ હતી.અનો કાયદાકીય સુનાવણી કરવામાં આવી નહોતી.ત્યાર બાદ આ કેસને સામાન્ય કોર્ટમાં તબદીલ કરી દેવાયો હતો.જે કોર્ટે આ સાત ખ્રિસ્તીઓને પુરાવા વગર આજીવન કારાવાસની સજા ફટકારી હતી.

બીજેપી, ભારતીય જનતા પાર્ટી,જે દેશનો મોટો રાજકીય પક્ષ છે તેમણે આ ચુકાદાને વધાવ્યો હતો.તેમના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તપાસ જારી રાખીને તમામ સંડોવાયેલ ગુનેગારોને પકડીને સજા કરવી જોઈએ.પરંતુ સાજન જયોર્જ, પ્રેસિડેન્ટ, ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયને જણાવ્યુ હતું કે કોર્ટે આપેલ ચુકાદો બરાબર નથી.આ એક શરમજનક બાબત છે કે કોર્ટે નિર્દોષ લોકોને સજા કરી છે.જે ગુનો તેમણે કર્યો નથી તે માટે તેમને સજા કરવામાં આવી છે.ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસા ૨૦૦૮ બાદ પણ હજુ જારી છે.જેમાં કંધમાલ જીલ્લો પણ આવી જાય છે.આ વિસ્તારમાં વસતી ખ્રિસ્તી પ્રજામાં અસલામતીનો ભય હજુ જારી છે.હજુ પણ હિંસક હુમલાઓની વકી છે.

હજુ પણ દસ હજાર ખ્રિસ્તીઓ છેલ્લા પાંચ વર્ષથી ઘરબાર વિનાના છે.તે પૈકીના કેટલાક લોકો પોતાના ઘરોમાં પાછા ફરવા રાજી નથી કારણકે તેમને તેમની હત્યા થવાનો હજુ પણ ભય છે.ઘણા બધા ચર્ચોનો નાશ કરી દેવાયો છે અને કેટલાક બંધ કરી દેવાયા છે.ઓરિસ્સામાં ખ્રિસ્તીઓની પરિસ્થિતિ હજુ પણ નાજુક અવસ્થામાં છે.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# ઓરિસ્સામાંથી શરણાર્થીઓને શિબિરમાંથી સરકારે હાંકી કાઢ્યા




ઓરીસ્સાના જી. ઉદયગીરી ટાઉન ,જે કંધમાલ જીલ્લામાં આવેલ છે ત્યાં હજુ પણ ૧૦૦ જેટલા શરણાર્થીઓ જે ખ્રિસ્તીઓ વિરુધ્ધ ફાટી નિકળેલા તોફાનોમાં અસરગ્રસ્ત બન્યા હતા અને અહીંયા આશરો લઈ રહ્યા હતા તેમને સરકારે ત્યાંથી હાંકી કાઢ્યા હતા. કારણકે ઓરિસ્સાના આ જીલ્લાઓમાં યુરોપીયન યુનીયન ડેલીગેશન તપાસ માટે આવ્યુ હતું.૨૦૦૮માં ખ્રિસ્તીઓ વિરુધ્ધ ફાટી નિકળેલ હિંસામાં ૧૦૦ જેટલા ખ્રિસ્તીઓની કત્લ કરવામાં આવી હતી.અનેકો બેઘર બન્યા હતા.જેને સરકારે થાળે પાડવાના હતા તે પૈકી થાળે નહી પડેલા અને હજુ સુધી શરણાર્થી તરીકે આશરો મેળવી રહેલા આ ૨૧ કુટુંબો જે આજુબાજુના ડઝન જેટલા ગામડાઓના છે તે પૈકીના ૯૦થી વધારે લોકો અંહીયા આશરો લઈ રહ્યા હતા.તેઓ હજુ સુધી પોતાના ઘરોમાં પરત થઈ શક્યા નથી કારણકે હજુ સુધી તેમને ત્યાં સલામતીનો અનુભવ થઈ શક્યો નથી.તેથી આ લોકો ન્યુ હતુપાડા જે જી.ઊદયગીરી ટાઉનમાં આવેલ અને જ્યાં સાપ્તાહિક બજાર ભરાય છે તેની રોડ સાઈડ પર પ્લાસ્ટીક ના શેડ બનાવીને આશરો લઈ રહ્યા છે.તેમણે વથી ન્યુઝ અને તેમના પાર્ટનર બોસન્યુઝલાઈનને જણાવ્યું હતું કે વર્ધીમાં આવેલ કેટલાક માણસોએ પાણીના પંપ અને કુવાઓ બંધ કરી દીધા હતા.જે અમોને પાણીની વ્યવસ્થા હતી.ત્યારબાદ આ જગ્યા ખાલી કરી દેવાનો હુકમ કર્યા હતો.પોલીસે હુકમ કર્યો હતો કે તેઓ પરદેશથી આવેલ યુરોપીયન ડેલીગેશન સામે દેખાવા ના જોઈએ.ખ્રિસ્તી મહિલાઓએ આ જગ્યા ખાલી કરવાનો વિરોધ કર્યો હતો.મોબાઈલ સીસ્ટમને સરકારી તંત્રે ખોરવી નાંખી હતી.સ્થાનિક સત્તાવાળાઓ તથા સીક્યુરીટી ફોર્સને ઓર્ડરનું પાલન કરવા અને શરણાર્થીઓને ખસેડી દેવા હુકમ કર્યો હતો.

ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,ના સેક્રટરી જનરલ જોન દયાલ શરણાર્થીઓને ખદેડી દેવાનો વિરોધ કર્યો હતો.દયાલ ઈન્ડીયા નેશનલ ઈન્ટીગ્રેશન કાઉન્સીલના સભ્ય પણ છે.તેઓને શરણાર્થીઓને ખદેડી મુકવા માટે સરકારે લીધેલા પગલાં બદલ ઉંડો ખેદ વ્યક્ત કર્યો હતો.યુરોપીયન ડેલીગેશન ૧૨ સભ્યોનું બનેલું જેમાં હંગેરીના,પોલેન્ડ,આર્યલેન્ડ,ઈટાલી, નેધરલેન્ડ,બ્રીટન,ફીનલેન્ડ અને સ્વીડના ડીપ્લોમેટ પણ સામેલ છે.આ ફેકટ ફાઈન્ડીંગ ટીમ જ્યારે મુલાકાત લેવાની છે ત્યારે તેમને સાચું ચિત્ર મળી ના શકે માટે સરકારે પ્રયત્નો કર્યા છે.દયાલે કહ્યું હતું કે માનવતા વિહોણુ કૃત્ય છે.તેમને સત્તાવાળાઓ તરફથી આટલા બધા સમય બાદ પણ તેમને પુનઃવસન ની કોઈ વ્યવસ્થા કરી નથી.આ ૯૧ વ્યક્તિઓનું જુથ છે. હજુ પણ દસ હજાર શરણાર્થીઓ તેમની નવી જીંદગી શરુ કરવા માટે સ્ટ્રગલ કરી રહ્યા છે.હજુ પણ કંધમાલમાં સામાન્ય સ્થિતિ સર્જાઈ શકી નથી.હજુ પણ ઘણા બધા ખ્રિસ્તીઓ ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

# શ્રીલંકામાં બુધ્ધિષ્ઠો દ્વારા ખ્રિસ્તીઓની સતાવણી- બાર્નાબાસ ફંડ




પોલીસે શ્રીલંકામાં કેટલાક ચર્ચોને બંધ કરી દેવાનો હુકમ છોડ્યો હતો.સપ્ટેમ્બર મહીનામાં પોલીસે એટલા માટે ચર્ચો બંધ કરવાનો હુકમ કર્યો કેમકે બુધ્ધિષ્ઠ આતંકવાદીઓએ ચર્ચો પર હુમલા કરવાની ધમકી આપી હતી.તેવું બાર્નાબાસ ફંડ તરફથી જણાવાયું હતું.શ્રીલંકા માંડ માંડ તામીલ ટાયગરોના ત્રાસથી છુટવા પામ્યું છે. લાખો લોકોના જાન ગયા છે. હવે ફરીથી શ્રીલંકામાં આતંકીઓ ધર્મના નામે પેદા થયા છે.છેલ્લા ત્રણ વર્ષમાં શ્રીલંકામાં ૪૫ ઘટનાઓ ખ્રિસ્તીઓ વિરુધ્ધની બની છે.જેમા કેટલીક ઘટનાઓમાં ચર્ચો પર હુમલા કરવામાં આવ્યા હતા.પરતુ વ્યક્તિગત કોઈ ખ્રિસ્તી પર હુમલો કરવામાં આવ્યો નહોતો.

મીગોડા ચર્ચ ,કોલંબો ડીસ્ટ્રીકમાં આવેલ ચર્ચમાં પ્રાર્થના માટે એકઠા થયેલ ખ્રિસ્તીઓ પર સ્થાનિક બુધ્ધિષ્ઠ લોકોનું ટોળુ ધસી આવ્યુ હતું. તેની આગેવાની બુધ્ધિષ્ઠ સાધુઓએ લીધી હતી.તેઓ ચર્ચમાં ધુસી ગયા હતા.એક બુધ્ધ સાધુએ પાસ્ટર પર હુમલો કર્યો અને તેમની ગીટાર માથામાં મારી અને જ્યાં સુધી તે બેભાન ન થયા ત્યાં સુધી તેને મારતા રહ્યા.જ્યારે પાસ્ટરના માતા વચ્ચે પડતાં તેમને પણ માર મારવામાં આવ્યો.ચર્ચમાંના સંગીતના સાધનો,ફર્નીચર,ચર્ચ ના બારી બારણા વિગેરે તોડી ફોડીને ટોળા સાથે સાધુઓ ચાલ્યા ગયા.આ બધુ પતી ગયા બાદ તેમણે એવો સંદેશો પાઠવ્યો કે આ બુધ્ધિષ્ઠ ગામ છે તેથી તમારે અહીંયા પ્રાર્થના મીટીંગ કરવી નહી અને બંધ કરીને ચાલ્યા જાવ.

રથનમાલા ખાતે આવેલ ચર્ચ,જે કોલંબો ડીસ્ટ્રીકમાં આવેલ છે ત્યાં પચીસ જેટલા પોલીસોનું ટોળું આવ્યું અને ચર્ચમાં પ્રાર્થના માટે એકઠા થયેલ ખ્રિસ્તીઓને ભગાડી દેવામાં આવ્યા હતા.તેઓ રવિવારની સભામાં આવેલ ખ્રિસ્તીઓ હતા.બોડુ બાલા સેના, જે બુધ્ધિષ્ઠનોની એક આતંકવાદી સેના ગણાવાય છે તેના સભ્યોએ રવિવારે આ ચર્ચ ઉપર હુમલો કરવાની ધમકી આપી હતી.શ્રીલંકન સત્તાવાળાઓએ ચર્ચના નેતાઓને જણાવ્યું છે કે તેઓ બુધ્ધિષ્ઠો પાસેથી અને રીલીજીયસ એફેર્સ મીનીસ્ટ્રી પાસેથી પરમીશન મેળવીને ચર્ચો ચલાવે.તેઓ રાજ્ય સરકારમાં રજીસ્ટર કરવાનું કે થવાનું આમાં આવતું નથી.પરંતુ ઈવેન્જલીકલ ચર્ચીસ માટે આ મુશ્કેલીભર્યું છે.તેઓને રીલીજીયસ એફેર્સ મીનીસ્ટ્રી તરફથી પરમીશન મળેલ નથી.આ પરિસ્થિતિમાં શ્રીલંકાના ખ્રિસ્તી નેતાઓએ બાર્નાબાસ ફંડને તેમના સપોર્ટ માટે દસ મીનીટની રોજની પ્રાર્થના કરવા વિનંતી કરી છે.

# વિશ્વમાં ગુલામી પ્રથામાં જીવતા અનેક લોકોનો એક સર્વે

ગ્લોબલ સર્વેનો એક રીપોર્ટ જારી કરવામાં આવ્યો તેમાં જણાવાયું છે કે ભારતમાં ગુલામીમાં જીવતા લોકોની સંખ્યા ઘણી મોટી છે.વિશ્વની કુલ વસ્તી પૈકીના ૩૦ મીલીયન લોકો ગુલામી જેવી સ્થિતિમાં જીવે છે. તેમાં ૧૪ મીલીયન લોકો ભારત દેશમાં ગુલામી જેવી બદતર સ્થિતિમાં જીંદગી જીવે છે.

ગ્લોબલ સ્લેવરી ઈન્ડેક્ષ માં ૧૬૨ દેશોનો સમાવેશ કરાયો છે.ઓસ્ટ્રેલીયન બોઝ વોક ફી ફાઉન્ડેશને તેનો રીપોર્ટ પ્રકાશિત ૨૦૧૩માં કર્યો છે.મોર્ડન સ્લેવરી જુદા જુદા ફોર્મમાં હોય છે.અને તેના અનેક નામો હોય છે.સ્લેવરી મજુરી કરવા કે હ્યુમન ટ્રાફિકીંગને બળ આપે છે.મોર્ડન સ્લેવરીની વ્યાખ્યા દેવા પેટે વેઠ કરતાં ગુલામો,જબરજસ્તીથી લગ્નો કરાવીને બનાવેલા ગુલામે,નાના બાળકોને મીલીટરીમાં ભરતી કરી દેવા વિગેરે.



રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે વિશ્વવ્યાપી ૨૯.૮ મીલીયન સ્લેવ્સ તે બીજી કોઈ પણ દષ્ટ્રિએ મોર્ડન સ્લેવરીનો સૌથી વિશાળ આંક છે.યુનાઈટેડ નેન્સનના આંકડાઓ પ્રમાણે ૨૧ મીલીયન લોકો જબરજસ્તીથી બનાવેલા મજુરો છે.ભારતમાં (૧૩,૯૫૬,૦૧૦) ચીનામાં (૨,૯૪૯,૨૪૩), પાકિસ્તાનમાં(૨,૧૨૭,૧૩૨)અને નાઈજીરીયામાં(૭૦૧૦૩૨)નો આંકડો આ ગુલામીનો બતાવે છે.તેવું રાઈટગ્રુપ તરફથી દાવો કરવામાં આવ્યો છે.રીપોર્ટ પ્રમાણે,ભારતનો આંકડો મોટો દેખાય છે તેમાં ભારતીય નાગરિકોનું શોષણ કરવામાં આવે છે.ભારતના દરેક રાજયમાં આ પ્રકારની પરિસ્થિતિ દેખાય છે.ભારતમાં મોટા પ્રમાણમાં ગુલામી છે. પરંતુ માઊરીટેનીયામાં આ આંક ઘણો ઉંચો છે.હૈતીનો નંબર બીજો છે અને પાકિસ્તાન ત્રીજો અને ચોથા નંબરે ભારત આવે છે.

ગ્લોબલ સ્લેવરી ઈન્ડેક્ષ એ દસ વર્ષના સંશોધન બાદ તૈયાર કરવામાં આવ્યો છે.તેમાં ગુલામીની દશા આખા વિશ્વમાં કેવી છે તેનો પણ અભ્યાસ કરાયો છે.આ સર્વેમાં એક ટીમ બનાવાઈ હતી જેમાં ચાર

અનું પાન નં. ૨ ઉપર

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.